## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**અમે જીતીશું જ ને... અમારા હાઈકમાન્ડે વિરોધ પક્ષને મનભરી ગાળો દીધી છે અને અમારા સમર્થક સાધુઓએ મન ભરી શ્રાપ દીધા છે.**

# મતદાન બાદ કરાર આધારિત અધ્યાપકોને છુટા કરી દેવાતા પુનઃ નિયુક્ત કરવા માંગ

### નવા સચિવાલય ખાતે રાજ્યના વ્યાખ્યાતા સહાયકોનું પ્રતિનિધિમંડળ રજુઆત કરવા આવ્યું

ગાંધીનગર, તા. ૨૯

રાજ્યમાં વિવિધ કોલેજોમાં હિન્દી અને એકાઉન્ટન્સીનો વિષય



ભણાવતા કરાર આધારિત વ્યાખ્યાતા સહાયકોને ચૂંટણીકાર્યની ફરજમાં જોતર્યા બાદ કામ પુરૂ થતાં ગુરૂવારે વ્યાખ્યાતા સહાયકની સેવાઓમાંથી પણ છુટા કરી દેવાયાં છે. આજે આવા આશરે ૧૫ જેટલા વ્યાખ્યાતા સહાયકોના પ્રતિનિધિમંડળે જુના સચિવાલય ખાતે બ્લોક નં. ૧૨માં ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરી ખાતે આવેદનપત્ર આપ્યુ હતુ જેમાં તેમને પુનઃ નિયુક્ત કરવા માંગ કરી હતી.

હાલ રાજ્યની વિવિધ કોલેજોમાં વર્કલોડ અને મહેકમ મુજબ હિન્દી અને એકાઉન્ટન્સીની જગ્યાઓ ખાલી હોવાનું જણાવતા ફરજમુક્ત કરાયેલ કરાર આધારિત વ્યાખ્યાતા સહાયકોએ પરિવારની ભરણપોષણની જવાબદારીને ધ્યાનમાં રાખી પુનઃ નિયુક્તિની માંગ કરી છે. આ વ્યાખ્યાતા સહાયકોમાં ૩ વર્ષથી માંડીને ૧૦ વર્ષથી સેવા આપતા અધ્યાપકોનો સમાવેશ થાય છે જેમને તા. ૨૫મી એપ્રિલ ગુરૂવારે ચૂંટણી કાર્યમાં પ્રિસાઈડીંગ અધિકારી જેવી ફરજો બજાવ્યા બાદ સંપૂર્ણપણે ફરજ મુક્ત કરી દેવાયા છે. વળી, લાંબા સમયથી કરાર આધારિત ફરજમાં અધ્યાપન કરાવી રહ્યાં હોવાથી હવે જીપીએસસી જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેની વયમર્યાદા પણ વટાવી ચુક્યાં હોવાની રજુઆત કરતા અધ્યાપકોએ અચાનક ફરજ મુક્તિના કારણે પરિવારની હાલત દયનીય થઈ રહી હોવાની રજુઆત કરી હતી અને પુનઃ નિયુક્તિ માટે આવેદનપત્ર આપ્યું હતું.



## રાંધેજામાં હાડકાં-કિડનીના રોગોનો નિદાન કેમ્પ યોજાયો

રાંધેજા ખાતે કુડાસણની વાછાણી હોસ્પિટલ તથા ફુડ એન્ડ ડ્રગ્સ કન્ઝયુમર વેલ્ફેર કમિટીના રાંધેજા એકમ દ્વારા હાડકાં અને કિડનીના રોગોનો નિદાન સારવાર કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં નિષ્ણાત તબીબો દ્વારા વિના મૂલ્યે હાડકા અને કિડની સંબંધી રોગોનું નિદાન તથા જરુરિયાત મુજબ સારવારની સુવિધા પુરી પડાઈ હતી તથા દર્દીઓને રાહતદરે દવાઓ પણ આપવામાં આવી હતી. આ કેમ્પમાં લાભાર્થીઓને હાડકાના રોગો, સાંધાના દુઃખાવા, મણકાની તકલીફ, કિડનીના રોગો, પથરી, પેશાબમાં ચેપ જેવી તકલીફો અંગે નિદાન સારવારની સેવા પુરી પાડવામાં આવી હતી.

# વૃદ્ધને મારમારી લૂંટવાના કેસમાં પાંચ વર્ષની કેદની સજા ભોગવવા આદેશ

ગાંધીનગર તા ૨૮

દહેગામ તાલુકાના કડાદરા ગામમાં જુના જગડાની અદાવત રાખી એક વ્યક્તિને માથાના ભાગે લાકડી મારી ઈજા પહોંચાડવાના કેસમાં ગાંધીનગર કાર્ટે આરોપીને પાંચ વર્ષની કેદની સજા તેમજ રૂ ૫ હજારનો દંડ ભોગવવા હુકમ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર દહેગામ તાલુકાના કડાદરા ગામમાં રહેતા કાનજીભાઈ ભઈજીભાઈ ઠાકોર સાથે આરોપી જગાભાઈ ઉદાજી ઠાકોરે એ અદાવત રાખીને તા ૧૩ એપ્રિલ વર્ષ ૨૦૧૬ ના રોજ તેમની સાથે તકરાર કરી હતી. આ દરમિયાન આરોપીએ તેમને ખાટલાના લાકડાની ઈસ મારી કાનમાં પહેરેલી સોનાનો દાગીનો પણ લુંટી લીધો હતો. આ મામલે દહેગામ પોલીસ મથેક ફરિયાદ દાખલ થઈ હતી. જયારે આ કેસ એડિશ્નલ સેસન્સ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે પ્રિતેશ ડી વ્યાસે દલીલો કરી હતી. જેમાં તેમણે કોર્ટ સમક્ષ જણાંવ્યુ હતુ કે આ કેસમાં વયોવૃધ્ધ વ્યકિતને ઈજા થઈ છે. જેથી સમાજમાં દાખલો બેસે તેવી સજા કરવા પણ તેમણે જણાંવ્ય હતુ. સરકારી વકીલની દલીલો તેમજ પુરાવાઓ અને જુબાનીને ધ્યાને લઈ જજ એસ વી વ્યાસે આરોપીને પાંચ વર્ષની કેદની સજા તેમજ રૂ ૫ હજારનો દંડ ભોગવવા હુકમ કર્યો છે.

# ખાણ-ખનિજ અને ભૂવિજ્ઞાન સંદર્ભે "વાર્ષિક રણનીતિ સંવાદ" યોજાયો

ગાંધીનગર, તા. ૨૯

આજે નવા સચિવાલય ખાતે ખાણ અને ભૂવિજ્ઞાનના અધિકારીઓ સાથે યોજવામાં આવેલા "વાર્ષિક રણનીતિ સંવાદ-૨૦૧૯"માં રાજ્ય સરકારના મહેસુલ વિભાગના અધિક મુખ્ય સચિવ પંકજકુમારે સંબોધન કરતા કહ્યું હતું કે 'કેન્દ્ર તથા રાજ્ય સરકારના વિભાગો વચ્ચે યોગ્ય સંકલન સ્થાપી ભૂસ્તરશાસ્ત્રીય યોજનાઓ પર જવાબદારીપૂર્વક કામ કરવામાં આવે તો ખનિજ ખાણકામને પ્રોત્સાહન મળી શકે છે.' આ પ્રસંગે તેમણે અધિકારીઓને એવા ખનિજ બ્લોક્સની ઓળખ કરવા કહ્યું હતું જેની સરળતાથી હરાજી કરી શકાય અને ગેરકાયદેસર ઉત્ખનને રોકી શકાય.

અધિક મુખ્ય સચિવે વિવિધ એજન્સીઓ જેમ કે ભારતીય ભૂવૈજ્ઞાનિક સર્વેક્ષણ, ઈન્ડિયન બ્યુરો ઓફ માઈન્સ, મિનરલ એક્પ્લોરેશન કોર્પોરેશન, જીયોલોજી એન્ડ માઈન્સ કમિશનર કચેરી વગેરેએ તાલમેલ સાથે કામ કરવા પર ભાર મુક્યો હતો. આ બેઠકમાં જીયોલોજી એન્ડ માઈનીંગના કમિશનર ઈનચાર્જ રાજકુમાર બેજાવાલ, ભારતીય ભૂવૈજ્ઞાનિક સર્વેક્ષણના પશ્ચિમ વિભાગના અધિક મહાનિર્દેશક વ્રજકુમાર, ભારતીય ભૂવૈજ્ઞાનિક સર્વેક્ષણ વિભાગના ગુજરાત એકમના ઉપ મહાનિર્દેશક એન.વી. નિતનવરે, ઈન્ડિયન બ્યુરો ઓફ માઈન્સના વિભાગીય ખાણ નિર્દેશક કે.એસ. યાદવ, મિનરલ એક્સ્પોરેશન કોર્પોરેશનના ઉપ મહાપ્રબંધંક આર.કે. જૈન સહિત અનેક અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# કોઠા ગામે અંદાજીત ૧૩ લાખ ભકતોએ હડકશા માતાજીના દર્શનનો લ્હાવો લીધો

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના કોઠા ગામે બિરાજમાન હડકશા માતાજીના દેવીપુજક



સમાજના અંદાજીત ૧૩ લાખથી વધુ ભકતોએ દર્શન કરી ધન્યતા અનુભવી છે. આ પ્રસંગે સૌ સમાજના ભાઈબહેનોએ ભાજપ ભવ્ય બહુમતીથી વિજય મેળવે અને ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ફરીવાર વડાપ્રધાન બને તેમજ દેવીપુજક સમાજને ઝડપથી અનામતનો લાભ મળે અને પોતાના હક્કની માંગણી સત્વરે સંતોષાય તે માટે સમુહમાં પ્રાર્થના કરી હતી.

આ પ્રસંગે વિરાટ દેવી પુજક સંઘના પ્રમુખ રૂપસંગભાઈ ભરભીડીયાએ જણાવ્યું હતું કે ચૈત્ર માસના અંતિમ રવિવારના રોજ દેવીપુજક સમાજના ભાઈ બહેનો મોટીસંખ્યામાં કોઠા ગામે હડકશા માતાજીના મંદિરે દર્શન કરવા ઉમટી પડે છે. રાજયભરમાંથી અનેક સંઘ અને માતાજીના રથ લઈને ભકતો પગપાળા કોઠા મુકામે પહોંચે છે. જયારે કોઠા માતાજીના મંદિરથી ૫ થી ૭ કિલોમીટર દુર વાહનો પાર્ક કરી ચાલતા જવુ પડે છે. જયારે માતાજીના મંદિર તરફના માર્ગો ભકતોથી ઉભરાતા જોવા મળે છે. જયારે દેવીપુજક સમાજના ભકતો દ્વારા કોઠા ગામથી દુર ચારેબાજુએ ૩૦૦ થી વધુ સેવાકેન્દ્રો ઉભા કરવામાં આવે છે. જેમાં ભકતો માટે ચા-પાણી, નાસ્તો, જમવાનું, રાત્રી રોકાણ સહિતની સગવડ ઉભી કરવામાં આવી હોય છે. દેવી પુજક સમાજનો સૌથી મોટો ધાર્મિક ઉત્સવ ગણવામાં આવે છે. જયારે મંદિર પરિસરમાં ભકતો માટે ભોજન પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હોય છે. જયારે ધાર્મિક કાર્યક્રમ દરમિયાન દેવીપુજક સમાજને જાગૃત કરવા માટે પ્રયાસ કરવામાં આવ્યો હતો. જયારે સમાજને અલગથી અનામત મળે તે માટે સમુહમાં પ્રાર્થના કરવામાં આવી હતી.જયારે આગામી સમયમાં કેન્દ્રમાં મોદી સરકાર બને તેની માટે પણ સમગ્ર દેવીપુજક સમાજના ભાઈ બહેનો દ્વારા પ્રાર્થના કરવામાં આવી હતી. આ પ્રસંગે વિરાટ દેવીપુજક સંઘના રૂપસંઘભાઈ ભરભીડીયા, કોઠા ટ્રસ્ટના પ્રમુખ જેન્તીભાઈ ચારોલીયા, અશોકભાઈ દંતાણી, સુરેશભાઈ દંતાણી સહિત મોટી સંખ્યામાં સમાજના આગેવાનો હાજર રહ્યા હતા.

# લીંબડીયામાં બિનવારસી મહિલાને હોસ્પિટલ પહોંચાડાઈ

ચિલોડા, તા. ૨૯

તાલુકાના લીંબડીયા ગામે માનસિક રીતે સ્વસ્થ હોવા છતાં અશક્ત કશું એક પણ શબ્દ બોલી ન શકતા એવા બિનવારસી આધેડ



વયની મહિલા એકલવાયા મળી આવ્યા હતા. લીંબડીયા ગામના માનવતાવાદી અગ્રમી આશિષભાઈ પરીખને આ મહિલાને અટુલા જોતાં મહિલાની શારીરિક રીતે અશક્ત માલુમ પડતાં ૧૮૧ મહિલા હેલ્પલાઈનને જાણ કરતાં તુરત જ સ્થળ પર ટીમ આવી પહોંચી મહિલા અંગે કાન્સેલર વસાવા રંજુબેન, કોન્સ્ટેબલ કાજલબેન પંચાલ અને પાયલટ ફતેસિંગભાઈ દરબાર દ્વારા કાઉન્સિલિંગ કરી મહિલાની તબિયત ખૂબજ નાજુક હોવાથી પૂછપરછ બાદ કશુ બોલવા અશક્ત માલુમ પડતાં મહિલાના પરિવારજનો અંગે કશી માહિતી મેળવવા પ્રયાસો સફળ ન થતાં ૧૦૮ એમ્બ્યુલન્સને તુરત જ બોલાવી મહિલાને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યા હતા. આ અંગે બિનવારસી આધેડ મહિલા અંગે પરિવારજનોના સંપર્ક અંગે સિવિલ હોસ્પિટલનો સંરપર્ક કરવા જણાવ્યું હતું. આ બિનવારસી આધેડ મહિલાની સેવા પુરી પાડવામાં લીંબડીયા ગામના સરપંચ હર્ષદભાઈ પટેલે સહાયનીય સેવા બજાવવા કટીબદ્ધતા વ્યક્ત કરી હતી.




ગાંધીનગરમાં રવિવારની રાત્રિએ સેકટર-૧૨માં ડૉ. આંબેડકર હોલ ખાતે શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયો દ્વારા કરાઓકે સંગીત કાર્યક્રમ "જો તુમકો હો પસંદ વોહી બાત કહેંગે'. યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં શહેરના અનેક કરાઓકે આર્ટિસ્ટોએ પોતાના સંગીતમય પરફોર્મન્સ આપ્યા હતા. ખીચોખીચ ભરાયેલા હોલમાં કલાકારોની સુમધુર પ્રસ્તુતિને શ્રોતાઓએ તાળીઓના ગડગડાટથી કલાકારોને બિરદાવ્યા હતા.

# સિટી સિવિલ અને સેશન્સ કોર્ટ નવી બનેલ ભદ્ર કોર્ટમાં કાર્યરત થઈ

સિટી સિવિલ અને સેશન્સ કોર્ટ કે જે પહેલા જૂની હાઈકોર્ટ બિલ્ડીંગ, નવરંગપુરા ખાતે કાર્યરત હતી તે ભદ્ર ખાતે નવી બનેલ કોર્ટ બિલ્ડીંગમાં તા. ૧૫/૦૪/૨૦૧૯થી કાર્યરત થઈ ગયેલ છે તેમ સિટી સિવિલ અને સેશન્સ કોર્ટના રજિસ્ટ્રારની અખબારી યાદીમાં જણાવાયું છે.

# શ્રીમતી મોનિકા ગુપ્તા દ્વારા લિખિત પુસ્તક 'ઈલ્યૂમિનેટીંગ ડાર્કનેસ'નું વિમોચન

ગાંધીનગર, તા. ૨૯

ગુજરાતના રાજયપાલ ઓ.પી. કોહલીએ ગઈકાલે રાજભવન ખાતે શ્રીમતી મોનિકા



ગુપ્તા દ્વારા લિખિત પુસ્તક "ઈલ્યૂમિનેટીંગ ડાર્કનેસ"નું વિમોચન કર્યુ હતું.

રાજયપાલશ્રીએ તેમના પ્રસંગોચિત સંબોધનમાં જણાવ્યું હતું કે શ્રીમતી મોનિકા ગુપ્તાનું પુસ્તક મનુષ્યના અસ્વસ્થ મનને સ્વસ્થ બનાવવા માટેનો સંદેશ આપે છે. માનવીના જીવનમાં એવી ઘણી ક્ષણો પ્રગટ થાય છે જે મનને અશાંતી તરફ ધકેલી દે છે અને મનને અસ્વસ્થ બનાવી દે છે. ત્યારે સ્વાભાવિક છે કે નકારાત્મક અવસ્થામાંથી સકારાત્મક અવસ્થા પામવાની આકાંક્ષા મનમાં જાગે છે. આ પુસ્તકે મનમાં સકારાત્મકતાની ભાવના પ્રજવલ્લિત કરવાના ઉપચારો સુંદર રીતે પ્રસ્તુત કર્યા છે, જે પ્રશંસનીય છે.

રાજયપાલશ્રીએ શ્રીમતી મોનિકા ગુપ્તાને આ પુસ્તકની રચના માટે વિશેષ અભિનંદન આપ્યા હતા અને આશા વ્યક્ત કરી હતી કે પુસ્તક વાંચકો માટે પઠનીય અને સંગ્રહનીય સિદ્ધ થશે. આ પ્રસંગે ગોપીનામ ગુપ્તા, સુધિર ગુપ્તા, શ્રીમતી સુનિતા ગુપ્તા સહિત અન્ય અતિથિગણ ઉપસ્થિત રહ્યા હતા.

# ૬૦ શ્રેષ્ઠીઓને ગુજરાત ગૌરવ રત્ન એવોર્ડથી સન્માનિત કરાશે

### પૂર્વ ન્યાયમૂર્તિ ભટ્ટ, ડીજીપી શિવાનંદ ઝા, દ્વારકેશલાલજી મહારાજ, કર્નલ કિરીટ જોષીપુરાના હસ્તે એવોર્ડ અપાશે

અમદાવાદ,તા. ૨૯

ગુજરાત રાજયની સ્થાપનાને આગામી તા.૧લીમેના રોજ ૬૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યા હોઈ તેની ષષ્ઠીપૂર્તિની ઉજવણીના ભાગરૂપે તા.૧લી મેના રોજ ગુજરાતના ગૌરવવંતા સ્થાપના દિને ડો.શૈલેષ ઠાકર ફાઉન્ડેશન, ગુજરાત પબ્લીક અફેર્સ કાઉન્સીલ ઓફ કેનેડા અને ગુજરાતી સમાજ ઓફ યુએસએના સંયુકત ઉપક્રમે રાજયના વિવિધ ક્ષેત્રે શ્રેષ્ઠતમ યોગદાન આપનાર ૬૦ જેટલા શ્રેષ્ઠીઓને ગુજરાત ગૌરવ રત્ન એવોર્ડ એનાયત કરી સન્માનિત કરાશે. ખૂબ જ મહત્વના એવા આ એવોર્ડ સમારંભ કાર્યક્રમમાં બિહાર હાઈકોર્ટના પૂર્વ મુખ્ય ન્યાયમૂર્તિ ડો.જે.એન.ભટ્ટ, ગુજરાતના પોલીસ મહાનિર્દેશક શિવાનંદ ઝા, શ્રી દ્વારકેશલાલજી મહારાજ અને કર્નલ કિરીટ જોષીપુરાના હસ્તે ૬૦ શ્રેષ્ઠીઓને આ ગૌરવવંતો એવાર્ડ એનાયત કરવામાં આવશે એમ અત્રે જાણીતા મેનેજમેન્ટ ગુરૂ અને વિશ્વના ટોપ-૩૦માં જેમનું નામ છે એવા શ્રી શૈલેષ ઠાકર અને વાઘબકરી ગ્રુપના ચેરમેન પિયુષ દેસાઈએ જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાત તેની સંસ્કૃતિ, સંસ્કારિતા ઉપરાંત વેપાર-વાણિજય માટે વિશ્વ આખામાં સુપ્રસિધ્ધ છે. વિવિધ ક્ષેત્રોમાં શ્રેષ્ઠ પ્રદાન કરનારાઓનું સન્માન એ ગુજરાતની પરંપરા રહી છે અને રાજયના આ એવા શ્રેષ્ઠીઓનું સન્માન છે કે જેમણે સમાજ, રાજય ઉપરાંત દેશ માટે નોંધનીય અને દિશાસૂચક કામગીરી કરી છે. જે ૬૦ શ્રેષ્ઠી મહાનુભાવોનું સન્માન કરવાનું છે, તેમાં જાણીતા ઉદ્યોગપતિ અને કેડિલા હેલ્થકેરના ચેરમેન પંકજ પટેલ, જાણીતા ફિલ્મ નાટય કલાકાર સિધ્ધાર્થ રાંદેરિયા, ગઝલકાર મનહર ઉધાસ, નૃત્યકાર કુમુદિની લાખીયા, જાણીતા હાસ્ય કલાકાર સાંઈરામ દવે, તારક મહેતા કા બદલ ચશ્માના કલાકાર નેહા મહેતા અને એન્ટરપ્રાઈઝીંગ ઈન્ડિયાના યુવા ફાઉન્ડર ભાવેશ ઉપાધ્યાયને ગુજરાત ગૌરવ રત્ન એવોર્ડથી સન્માનિત કરવામાં આવશે. આ પ્રસંગે વાઘબકરી ગ્રુપના ચેરમેન પિયુષ દેસાઈને કસ્તુરભાઈ લાલભાઈ લાઈફટાઈમ એચીવમેન્ટ એવોર્ડથી સન્માનિત કરાશે. ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે ડો.શૈલેષ ઠાકર લિખિત ઈન્ડિયા એટ ૨૦૫૦ પુસ્તકનું વિમોચન કરવામાં આવશે. તા.૧ લીમે, ૨૦૧૯ના રોજ અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશનના જે.બી.ઓડિટોરિયમ ખાતે સાંજે ૫-૩૦ વાગ્યે યોજાનારા આ ૬૦ શ્રેષ્ઠીઓના એવોર્ડ સમારંભમાં દેશ-વિદેશના મહાનુભાવો અને આમંત્રિત મહેમાનો ખાસ ઉપસ્થિત રહેશે એમ પણ જાણીતા મેનેજમેન્ટ ગુરૂ શ્રી શૈલેષ ઠાકર અને વાઘબકરી ગ્રુપના ચેરમેન પિયુષ દેસાઈએ ઉમેર્યું હતું.

# બોરીજ પ્રાથમિક શાળાના આચાર્ય અમૃતલાલ દવેનો વય નિવૃત્ત સમારંભ સંપન્ન

ગાંધીનગર, તા.૨૯

નવાપરા બોરીજ સરકારી પ્રાથમિક શાળાના આચાર્ય અમૃતલાલ એચ. દવે વયનિવૃત્ત થતાં તેમનો વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. સમારંભના અધ્યક્ષ પદે સુરસંગજી ઠાકોર તથા વાઘાજી ઠાકોર ઉપસ્થિત રહ્યા હતા. નટુજી ઠાકોર, વિક્રમસિંહ ચાવડા, કોર્પોરેટર લલિતાબેન ઠાકોર, જશોદાબેન ચૌહણ, અશ્વિનભાઈ પટેલ તથા ગ્રામજનો દ્વારા મુખ્ય શિક્ષક નિવૃત થતા સન્માન-બહુમાન કરવામાં આવ્યું હતું. અમૃતલાલ દવેની કામગીરીને બિરદાવીને બાળકો દ્વારા પણ તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. તથા બાળકોને જમણવાર કરાવવામાં આવ્યો હતો. સંચાલન રશ્મિતાબેન ઉપાધ્યાય તથા જશોદાબેન દરજીએ કર્યુ હતું.




